# ગુજરાત જાહેર સેવા આયોગ

**પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨, જાહેરાત ક્રમાંક: ૩૮/૨૦૧૭-૧૮ના ઉમેદવારો માટે અગત્યની જાહેરાત**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક: ૩૮/૨૦૧૭-૧૮, પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ની પ્રાથમિક કસોટી તારીખ:૧૫/૧૦/૨૦૧૭ના રોજ લેવાનાર છે. આ જ તારીખે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરોએ આસિસ્ટન્ટ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ ઓફિસર, ગ્રેડ-૨ની પ્રાથમિક કસોટી નિર્ધારિત કરેલ છે.

આ બંને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છનાર ઉમેદવારોની આયોગને મળેલ રજૂઆતો તથા ઉમેદવારોના હિતમાં આયોગ દ્વારા તારીખ:૧૫/૧૦/૨૦૧૭ના રોજ યોજાનાર પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક: ૩૮/૨૦૧૭-૧૮)ની પ્રાથમિક કસોટીનો નવો સમય બપોરે ૨:૦૦ થી ૦૫:૦૦ રાખવામાં આવે છે, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

આ બંને પરીક્ષાઓમાં નોંધાયેલ હોય તેવા ઉમેદવારો પોતાના જિલ્લાના પરીક્ષા કેન્દ્રને બદલે અમદાવાદ ખાતે પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપી શકે તે માટે તેઓએ આસિસ્ટન્ટ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ ઓફિસર, ગ્રેડ-૨ની પરીક્ષાનું પ્રવેશપત્ર અને આયોગની પોલીસ ઈન્સ્પેક્ટર, વર્ગ-૨ની જગ્યા માટે ઓન-લાઈન ભરેલ અરજી-પત્રકની નકલ સહિત પોતાની અરજી તારીખ:૩૦/૦૯/૨૦૧૭ના રોજ સાંજે ૦૬:૧૦ વાગ્યા સુધીમાં આયોગની કચેરીમાં રૂબરૂ આપવાની રહેશે (દશેરા હોવા છતાં કામકાજ ચાલુ રહેશે). વિકલ્પ રૂપે ઉમેદવારો પોતાની અરજી માત્ર અહીં સૂચવેલ **E-mail ID:** so-ex-gpsc@gujarat.gov.in પર મોકલી શકશે. પોસ્ટ દ્વારા કે અન્ય કોઈ ઈ-મેઈલ પર મોકલેલ અરજી/રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. ઉપરોક્ત તારીખ બાદ મળેલ રજૂઆત/અરજી પણ ધ્યાને લેવામાં આવશે નહિ.

તારીખ:૨૮/૦૯/૨૦૧૭